# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા. ૧૦.૦૪.૨૦૧૯

-----------

**દેશ માટે મજબૂત નેતૃત્વ માત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી જ છે તે પ્રકારનું વાતાવરણ સમગ્ર દેશમાં છે ત્યારે આ વાતને યુવાઓ સુધી પહોંચાડવા ભાજપા યુવા મોરચો કટિબધ્ધ બન્યો છે**

-----------

**સમગ્ર ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં ચૂંટણીના પડઘમ તેજ બન્યા છે ત્યારે માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહને પ્રચંડ બહુમતીથી વિજય બનાવવા માટે સમગ્ર ભાજપા સંગઠન અને જનતામાં અનેરો ઉત્સાહ અને થનગનાટ.**

-----------

**વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજ કેમ્પસ અને જાહેર સ્થળો પર “માય ફર્સ્ટ વોટ મોદી” કેમ્પેઇન ચલાવી, ૨૦૧૯ લોકસભા ચૂંટણીને એક નવા આયામ પર લઈ જવા ભાજપા યુવા મોરચો કટિબધ્ધ.**

-----------

ગાંધીનગર લોકસભા મીડિયા વિભાગની યાદીમાં જણાવ્યા પ્રમાણે, સમગ્ર ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં ચૂંટણીના પડઘમ તેજ બન્યા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહનો પ્રચંડ બહુમતીથી વિજય નિશ્ચિત હોય સમગ્ર ભાજપા સંગઠન અને જનતામાં અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ તબક્કે ભારતીય જનતા પાર્ટી યુવા મોરચો પણ સમગ્ર લોકસભા ક્ષેત્રના યુવા મતદારો સુધી પહોંચીને “મારો પહેલો મત મોદી”ને અભિયાન વેગવંતુ બનાવ્યું છે. આ અભિયાન અંતર્ગત પ્રથમ વખત મત આપી રહેલ યુવાન અને યુવતીઓ સુધી વ્યક્તિગત સંપર્ક કરીને કેન્દ્રની જુદી જુદી કલ્યાણકારી યોજનાઓની માહિતી પહોંચાડવામાં આવી રહી છે. આ માટે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજ કેમ્પસ અને જાહેર સ્થળો પર “માય ફર્સ્ટ વોટ મોદી” કેમ્પેઇન ચલાવવામાં આવી રહ્યું છે. ૨૦૧૯ લોકસભા ચૂંટણીને એક નવા આયામ પર લઈ જવા માટે અને દેશ માટે મજબૂત નેતૃત્વ માત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી જ છે તે પ્રકારનું વાતાવરણ સમગ્ર દેશમાં છે ત્યારે આ વાતને યુવાઓ સુધી પહોંચાડવા ભાજપા યુવા મોરચો કટિબધ્ધ બન્યો છે.

ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં જ્યારે રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ ઉમેદવારી કરી રહ્યા હોય ત્યારે સમગ્ર સંગઠન અને કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ અને ઉર્જાનો સમન્વય જોવા મળી રહ્યો છે. સમગ્ર લોકસભા ક્ષેત્રમાં સમાવિષ્ટ સાત વિધાનસભા બેઠકો પર રાતદિવસ સતત પ્રચાર અને પ્રસાર ખૂબ જ દ્રઢતા અને મક્કમતાપૂર્વક આગળ વધી રહ્યો છે. આ પ્રચાર-પ્રસાર દરમ્યાન જનતા સમક્ષ ભાજપાની વિચારધારા પ્રસ્તુત કરાઈ રહી છે.

ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં ભાજપા યુવા મોરચા દ્વારા સમગ્ર ચૂંટણી પ્રચાર દરમ્યાન નોંધપાત્ર અને આશ્ચર્યજનક કાર્યક્રમો થઈ રહ્યા છે. આ તબક્કે ભાજપા યુવા મોરચા દ્વારા રાષ્ટ્રવાદને વરેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીને પુનઃ પ્રધાનમંત્રી બનાવવા યુવાનોને હાકલ કરવામાં આવી છે. આ લોકસભા ચૂંટણીને એક નવા આયામ અને ઉંચાઈ પર લઈ જવા ભાજપા યુવા મોરચા દ્વારા શ્રેણીબધ્ધ કાર્યક્રમોની હારમાળા તૈયાર કરવામાં આવી છે.

આ સંદર્ભે ભાજપા યુવા મોરચા અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વીજ પટેલની આગેવાની તથા યુવા નેતા અને પ્રદેશ મંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ કર્ણાવતી મહાનગરના યુવા મોરચાના અધ્યક્ષશ્રી મનીષ પટેલ સહિત સમગ્ર ભાજપા યુવા મોરચા દ્વારા અવિરત પ્રચાર કરી રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહને જંગી બહુમતીથી જીતાડવા અપીલ કરી રહ્યા છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા. ૧૦.૦૪.૨૦૧૯

**મધ્યપ્રદેશમાં કોંગ્રેસ સત્તામાં આવવાની સાથે તેમના ગોરખધંધા શરૂ કરી દીધા છે. મધ્યપ્રદેશના કોંગ્રેસના મુખ્યમંત્રી કમલનાથના મળતીયાઓ પાસેથી કરોડો રૂપિયાનું કાળું નાણું મળી આવ્યું છે, તે જ બતાવે છે કે ચોર કોણ છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશમાંથી ગરીબી, ભ્રષ્ટાચાર અને બેકારી દૂર કરવાનો સંકલ્પ લીધો છે. હવે જનતાએ નક્કી કરવાનું છે કે, મોદી હટાવવા છે કે ગરીબી, ભ્રષ્ટાચાર અને બેકારીને દૂર કરવી છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**અત્યારે ચૈત્રી નવરાત્રિ ચાલી રહી છે ત્યારે, માં ભારતી જગતજનની બને અને પરમવૈભવના શિખરે બિરાજે તે માટે સતત પ્રયત્નશીલ રહીએ**

-----------

**શ્રી નરેન્દ્રભાઇ મોદી ઈમાનદાર અને પરિશ્રમી વડાપ્રધાન છે. તેઓ ઈમાનદારીથી ૧૬-૧૬ કલાક કામ કરીને દેશને વિકાસના પંથે લઇ જવા પ્રયત્ન કરી રહ્યા છે. - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**ભૂતકાળમાં કોંગ્રેસે ભ્રષ્ટાચાર કરીને જે પૈસા ખાધા છે તેનો સરવાળો કરીએ તો કેટલા મીંડા મૂકવા તેની પણ ખબર ન પડે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આજરોજ જામનગર ખાતે જાહેર સભાને સંબોધન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૨૦૧૪ પહેલાં ભારતને ભ્રષ્ટ દેશ તરીકે જોતા હતા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇના આવ્યા બાદ આપણા દેશની છબી સુધરી છે. કોંગ્રેસ ગઠબંધનના નેતા એક મંચ પર ભેગા થઈને "મોદી હટાવો મોદી હટાવો" કહે છે જ્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશમાંથી ગરીબી, ભ્રષ્ટાચાર અને બેકારી દૂર કરવાનો સંકલ્પ લીધો છે. હવે જનતાએ નક્કી કરવાનું છે કે, મોદી હટાવવા છે કે ગરીબી, ભ્રષ્ટાચાર અને બેકારીને દૂર કરવી છે.

શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, થોડા સમય પહેલા જે એક બીજાના મોઢા જોવા તૈયાર નહોતા તેઓ આજે એક મંચ ઉપર હાજર રહીને મોદી હટાવવાની વાતો કરે છે. ઉત્તરપ્રદેશમાં માયાવતીને મારી નાખવા સમાજવાદી પાર્ટીના કાર્યકરો તેમની પાછળ દોડ્યા હતા ત્યારે માયાવતીએ જીવ બચાવવા એક ગેસ્ટ હાઉસમાં છુપાઈ જવું પડ્યું હતું. એક તરફ દેશનો ઈમાનદાર ચોકીદાર છે તો બીજી તરફ બેઇમાનોની ફોજ છે. હું "ખાતો નથી ને ખાવા દેતો નથી" કહીને શ્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાંથી વચેટિયાઓ અને દલાલોને સાફ કરી નાખ્યા છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી ઈમાનદાર અને પરિશ્રમી વડાપ્રધાન છે. તેઓ ઈમાનદારીથી ૧૬-૧૬ કલાક કામ કરીને દેશને વિકાસના પંથે લઇ જવા પ્રયત્ન કરી રહ્યા છે. ભૂતકાળમાં કોંગ્રેસે ભ્રષ્ટાચાર કરીને જે પૈસા ખાધા છે તેનો સરવાળો કરીએ તો કેટલા મીંડા મૂકવા તેની પણ ખબર ન પડે. હવે તમે જ નક્કી કરો કે દેશનું નેતૃત્વ કોના હાથમાં સોંપાય. કોંગ્રેસ આ ચુંટણીમાં સ્થાનિક પ્રશ્નો ચગાવીને લોકોને ગુમરાહ કરે છે, પરંતુ દેશહિત શેમાં છે તે આપણે સજાગ થઇને નક્કી કરવાનું છે.

શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, હું દેશના લોકોને અભિનંદન આપું છું કે, દેશના લોકો "મૈં ભી ચૌકીદાર" બનીને શ્રી નરેન્દ્ર મોદીના સમર્થનમાં સાથે ઊભા છે. મધ્યપ્રદેશમાં કોંગ્રેસ સત્તામાં આવવાની સાથે તેમના ગોરખધંધા શરૂ કરી દીધા છે. મધ્યપ્રદેશના કોંગ્રેસના મુખ્યમંત્રી કમલનાથના મળતીયાઓ પાસેથી કરોડો રૂપિયાનું કાળું નાણું મળી આવ્યું છે, તે જ બતાવે છે કે ચોર કોણ છે. દેશની સેના સરહદ ઉપર ખડેપગે રહીને દેશની ચોકી કરે છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશના નાગરિકોની કમાણીના પૈસા ઉપર કોંગ્રેસનો ભ્રષ્ટ પંજો પડવા દેતા નથી, તેઓ ચોકીદાર બનીને આ નાણાંની ચોકી કરી રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી આતંક માટે કડક પગલાં લઇને ત્રાસવાદ દૂર થાય તે માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. આ તબક્કે પાકિસ્તાનને વિશ્વ સમક્ષ ત્રાસવાદ મુદ્દે ખુલ્લું પાડવામાં તેઓ સફળ રહ્યા છે. તો પાકિસ્તાનને નરેન્દ્ર મોદી ગમે ખરા ? એને તો કોંગ્રેસના સોનિયાબેન અને રાહુલબાબા જ ગમે.

શ્રી રૂપાણીએ અંતમાં જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના દ્રઢ નિર્ધારના કારણે સૌરાષ્ટ્રને એઇમ્સ અને ધોલેરાને વૈશ્વિક કક્ષાનું એરપોર્ટ મળ્યું છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રધાનમંત્રી બન્યા બાદ ગુજરાતનો વિકાસ સોળે કળાએ ખીલી ઉઠ્યો છે અને હજુ આવનારા દિવસોમાં વધુ ખીલશે. અત્યારે ચૈત્રી નવરાત્રિ ચાલી રહી છે ત્યારે, માં ભારતી જગતજનની બને અને પરમવૈભવના શિખરે બિરાજે તે માટે સતત પ્રયત્નશીલ રહીએ તેવી અપેક્ષા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ વ્યક્ત કરી હતી.

આ જાહેરસભામાં કેબિનેટ મંત્રી શ્રી આર.સી.ફળદુ, રાજ્યકક્ષાના મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, લોકસભાના ઉમેદવાર શ્રીમતી પૂનમબેન માડમ, જામનગર ગ્રામ્યના ઉમેદવાર શ્રી રાઘવજીભાઇ પટેલ, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ સંસદસભ્યો, ભાજપા જિલ્લા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, સ્થાનીક આગેવાનો અને કાર્યકર્તાઓ અને વિશાળ સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૬ તા. ૧૦.૦૪.૨૦૧૯

-----------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે તારીખ ૧૧ એપ્રિલ, ૨૦૧૯ના રોજ **પ્રભારીશ્રી ઓમ માથુરજી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાજી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા, કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા** ગુજરાતમાં વિવિધ લોકસભા ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર રાઉન્ડ દરમ્યાન જાહેર સભાઓ તથા કાર્યકર્તા સંમેલનોને સંબોધશે.

### ગુજરાતના લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમ માથુરજી અને ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાનો સંયુક્ત વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૧.૦૪.૨૦૧૯ ગુરુવાર | સવારે ૧૦.૦૦ કલાકે | **વલસાડ લોકસભા સીટ - મીટીંગ** વાપી |
| | બપોરે ૦૧.૩૦ કલાકે | **વડોદરા લોકસભા સીટ - મીટીંગ** વડોદરા |
| | સાંજે ૦૫.૦૦ કલાકે | **રાજકોટ લોકસભા - મીટીંગ** રાજકોટ |

### માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૧.૦૪.૨૦૧૯ ગુરુવાર | સવારે ૧૧.૧૫ કલાકે | **સુરેન્દ્રનગર લોકસભા**ના વઢવાણ વિધાનસભા વિસ્તારમાં માલધારી સંમેલન સ્થળ: આનંદ ભુવન, વઢવાણ, સુરેન્દ્રનગર |
| | બપોરે ૦૩.૦૦ કલાકે | **સુરેન્દ્રનગર લોકસભા**ના ધાંગધ્રા વિધાનસભા વિસ્તારમાં જાહેર સભા સ્થળ - શર્ણેશ્વર મહાદેવ, હળવદ |
| | સાંજે ૦૫.૦૦ કલાકે | **સુરેન્દ્રનગર લોકસભા**ના ધંધુકા વિધાનસભા વિસ્તારમાં જાહેર સભા સ્થળ - મહાત્મા મેઘા મોલ સામે, કોલેજ રોડ, ધંધુકા |
| | રાત્રે ૦૯.૦૦ કલાકે | **અમદાવાદ-પુર્વ લોકસભા**ના બાપુનગર વિધાનસભા વિસ્તારમાં ડોક્ટર સેલ સંમેલન સ્થળ - પટેલ વાડી, ભીડભંજન રોડ, બાપુનગર, અમદાવાદ. |

### ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૧.૦૪.૨૦૧૯ ગુરુવાર | સવારે ૧૦.૦૦ કલાકે | **ભાવનગર લોકસભા**ના ભાવનગર વિધાનસભા વિસ્તારના કાર્યાલયનું ઉદ્ઘાટન અને લોકસંપર્ક યાત્રા |
| | બપોરે ૦૨.૦૦ કલાકે | **ભાવનગર લોકસભા**ના ભાવનગર વિધાનસભાની ગ્રુપ મીટીંગ |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | **ભાવનગર લોકસભા**ના ભાવનગર વિધાનસભામાં પેજ પ્રમુખ મીટીંગ અને કાર્યાલયનું ઉદ્ઘાટન સ્થળ - કાળીયા બીડ, ભાવનગર |
| | સાંજે ૦૭.૦૦ કલાકે | **ભાવનગર લોકસભા**ના ભાવનગર વિધાનસભામાં પેજ પ્રમુખ મીટીંગ અને કાર્યાલયનું ઉદ્ઘાટન સ્થળ:વડવા,વોર્ડ-એ,ભાવનગર |

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




**માનનીય કેન્દ્રિય મંત્રીશ્રી પુરુષોત્તમ રૂપાલાજીનો વિગતવાર કાર્યક્રમ**

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૧.૦૪.૨૦૧૯ ગુરુવાર | સવારે ૧૦.૦૦ કલાકે | પોરબંદર લોકસભાના કેશોદ વિધાનસભા વિસ્તારમાં જાહેરસભા<br>સ્થળ: મુ. અજાબ, તાલુકો કેશોદ |
| | બપોરે ૦૪.૦૦ કલાકે | પોરબંદર લોકસભાના ધોરાજી વિધાનસભા વિસ્તારમાં ગ્રુપ મીટીંગ<br>સ્થળ: કોલકી, ઉપલેટા |
| | સાંજે ૦૫.૦૦ કલાકે | પોરબંદર લોકસભાના ધોરાજી વિધાનસભા વિસ્તારમાં ગ્રુપ મીટીંગ<br>સ્થળ: મોટી પાનેલી, ઉપલેટા |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | પોરબંદર લોકસભાના ધોરાજી વિધાનસભા વિસ્તારમાં જાહેરસભા<br>સ્થળ: ભાયાવદર, તાલુકો - ઉપલેટા |
| | રાત્રે ૦૭.૧૫ કલાકે | પોરબંદર લોકસભાના ધોરાજી વિધાનસભા વિસ્તારમાં જાહેરસભા<br>સ્થળ: સુપેડી, તાલુકો - ઉપલેટા |
| | રાત્રે ૦૮.૩૦ કલાકે | પોરબંદર લોકસભાના ધોરાજી વિધાનસભા વિસ્તારમાં જાહેરસભા<br>સ્થળ: મોટી મારડ, તાલુકો - ધોરાજી |

**કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાનો વિગતવાર કાર્યક્રમ**

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૧.૦૪.૨૦૧૯ ગુરુવાર | સવારે ૧૦.૦૦ કલાકે | ભાવનગર લોકસભાના તળાજા વિધાનસભા વિસ્તારના કાર્યાલયનું ઉદ્‌ઘાટન |
| | બપોરે ૧૨.૦૦ કલાકે | ભાવનગર લોકસભાના પાલિતાણા વિધાનસભાની શક્તિ કેન્દ્રના કાર્યકર્તાઓ (કદમગીરી) મીટીંગ સ્થળ: કદમગીરી, પાલિતાણા. |
| | સાંજે ૦૪.૩૦ કલાકે | ભાવનગર લોકસભાના શીહોર વિધાનસભામાં યુવા સમેલન<br>સ્થળ:વલભીપુર,ઉમરાળા ગામ,શિહોર, ભાવનગર |
| | સાંજે ૦૬.૩૦ કલાકે | ભાવનગર લોકસભાના પાલીતાણા વિધાનસભામાં મહિલા સમેલન<br>સ્થળ: ઘેટી ગામ, પાલિતાણા. |
| | રાત્રે ૦૮.૦૦ કલાકે | ભાવનગર લોકસભાના પાલીતાણા વિધાનસભામાં મહિલા સમેલન<br>સ્થળ: પાલિતાણા શહેર, પાલિતાણા. |
| | રાત્રે ૦૯.૦૦ કલાકે | ભાવનગર લોકસભાના ભાવનગર શહેર જાહેરસભા<br>સ્થળ: ભાવનગર શહેર. |

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ